**તા.૧૩/૦૨/૨૦૨૩**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૧૩/૦૨/૨૦૨૩ ને સોમવારનાં રોજ બપોરનાં ૦૩=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી જેમાં નક્કી કરેલ તારીખ અને સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતિ ગીતાબેન એ. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી રમેશભાઇ આર. પરમાર | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રી નરેશકુમાર આર. તળપદા | સભ્યશ્રી |
| (૪) | શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિક | ” |
| (૫) | શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ | ” |
| (૬) | શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ | ” |
| (૭) | શ્રી પ્રવિણભાઇ કે. પરમાર | ” |
| (૮) | શ્રીમતિ ગીતાબેન જે. પરમાર | ” |
| (૯) | શ્રી ભાવિનભાઇ એમ. પટેલ | ” |
| (૧૦) | શ્રી જયકુમાર બી. પટેલ | ” |
| (૧૧) | શ્રીમતિ જલ્પાબેન બી. શાહ | ” |
| (૧૨) | શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ | ” |
| (૧૩) | શ્રી કેતનકુમાર સી. ગાંધી | ” |
| (૧૪) | શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી | ” |
| (૧૫) | શ્રીમતિ કાજલબેન કે. પટેલ | ” |
| (૧૬) | શ્રીમતિ ધરતીબેન જે. પટેલ | ” |
| (૧૭) | શ્રી સુનિલકુમાર એસ. પટેલ | ” |
| (૧૮) | શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ | ” |
| (૧૯) | શ્રીમતિ ભૌમીબેન પી. કાછીઆ | ” |
| (૨૦) | શ્રીમતિ વિશાલબેન એસ. સોની | ” |
| (૨૧) | શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. માન.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

સૌપ્રથમ સભાગૃહની પ્રણાલી મુજબ આજની બેઠકનાં એજન્ડા ઉપરનાં કામ નં.૧ અને ૨ કે જે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબતનું છે તે કામ સૌપ્રથમ હાથ ધરવામાં આવ્યું. અને શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લીધો.

**કામ નં. (૧) :** ભારતનાં વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીજીનાં માતૃશ્રીનાં તાજેતરમાં થયેલ દુઃખદ અવસાન પ્રસંગે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત.

**ઠરાવ નં. ૬૬ / તા.૧૩/૦૨/૨૩**

**શોક ઠરાવ**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ધરતીબેન જે. પટેલ, શ્રીમતિ જલ્પાબેન બી. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

આથી આ શોક ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, ભારતનાં વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીજીનાં માતૃશ્રી પૂજ્ય હીરાબા નાં જૈફ વયે તાજેતરમાં દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનાં આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવે છે.

દિવંગતના આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે. આજની સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે. અને બેઠકમાં ઉપસ્થિત સર્વે બે મીનીટનું મૌન પાળી, પ્રાર્થના કરી સદ્‌ગત આત્માને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨) :** પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં શ્રી

રતિલાલ અંબાલાલ જાદવનું તાજેતરમાં થયેલ દુઃખદ અવસાન પ્રસંગે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત

**ઠરાવ નં. ૬૭ / તા.૧૩/૦૨/૨૩**

**શોક ઠરાવ**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ વિશાલબેન એસ. સોની, શ્રીમતિ ગીતાબેન જે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

આથી આ શોક ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની ફરજ બજાવતાં કાયમી કર્મચારી શ્રી રતિલાલ અંબાલાલ જાદવનાં તાજેતરમાં દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનાં આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવે છે.

શ્રી રતિલાલ અંબાલાલ જાદવ તેઓની ફરજ પ્રત્યે નિષ્ઠાવાન હતાં અને પોતાની ફરજ નિયમિત પણે બજાવતાં હતાં. પરંતુ ઇશ્વરશકિત પાસે આપણે સૌ લાચાર છીએ. ઇશ્વરને જે ગમ્યુ તે ખરૂં. તેઓનાં આકસ્મિક રીતે થયેલ દુઃખદ અવસાનથી તેમનાં પરિવારજનો ઉપર આવી પડેલ દુઃખ, આપતિ અને આઘાત સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી ઇશ્વર પાસે પ્રાર્થના.

આમ, દિવંગતના આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે. આજની સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે. અને બેઠકમાં ઉપસ્થિત સર્વે બે મીનીટનું મૌન પાળી, પ્રાર્થના કરી સદ્ગતના આત્માને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આમ, દિવંગતોનાં આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે. અને આજની સભામાં ઉપસ્થિત સર્વેએ શ્રધ્ધાંજલિ અર્પન કરવા પોતાનાં સ્થાને ઊભા થઇ બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું.

મૌનનો સમય પૂર્ણ થતાં અધ્યક્ષશ્રીએ આજની સભાની કાર્યવાહી શરૂ કરવા આદેશ કર્યો.

આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનું જરૂરી વિષય તરીકેનું કામની યાદી વંચાણમાં લીધી.

* જરૂરી વિષયનાં કામ :-

(૧) મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ વિ. મીરઝા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ આઇ. કાજી, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મીરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

ઉપર જણાવ્યા મુજબના જરૂરી વિષય તરીકેના કામની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યું.

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૩) :** પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૬૮ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા, શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા ગત તા.૨૧/૧૦/૨૦૨૨ નાં રોજ મળેલ હતી. જે ગત મળેલ સભામાં રજૂ થયેલ કામો પરત્વેનાં પસાર થયેલ ઠરાવ નં.૫૦ થી ૬૫ નાં ઠરાવો તથા તેનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૪) :** પેટલાદ નગરપાલિકા દ્વારા તા.૧૯/૧૨/૨૦૨૨ (૧) નાં રોજથી કરેલ સરક્યુલર ઠરાવને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૬૯ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિનભાઇ એમ. પટેલ, શ્રી નરેશકુમાર આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

***<u>સરક્યુલર ઠરાવ તા.૧૯/૧૨/૨૦૨૨(૧)</u>***

**ઠરાવનો વિષય:-** સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અંતર્ગત અમૃત ૨.૦ સ્વેપ-૦૨ મિશન હેઠળનાં કામો કરવા ઘટતી કાર્યવાહી હાથ ધરવા બાબત.

**<u>ઠરાવ</u>**

આથી આ સરક્યુલર ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રી દ્વારા અમૃત ૨.૦ સ્વેપ-૦૨ મિશન હેઠળ રાજયની તમામ નગરપાલિકાઓમાં ડેવલોપમેન્ટનાં કામો મંજુર કરવામાં આવેલ છે. તેનાં અનુસંધાનમાં સરકારશ્રીનાં ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા તેઓની કચેરીનાં પત્ર નં.G.U.D.M. / AMRUT 2.0 / SWAP / Tranche-2 / Administrative Approval / 2022-23 /2869(1) Dt.: 02/11/2022 નાં પત્રથી પેટલાદ નગરપાલિકાનાં નીચે પ્રમાણેના વિકાસનાં કામો ને સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે.

(૧) સરફેસ વોટર સપ્લાય પ્રોજેકટ ફેઝ-૨ રૂા.૨૨.૫૦ કરોડ (૨) ફોબીકુંડ તળાવનું રીનોવેશ રૂા.૨.૪૦ કરોડ તથા (૩) પૂર્ણાનંદ સોસાયટી પાસે નવિન ગાર્ડન બનાવવા રૂા.૦.૬૮ કરોડ

ઉકત કામો કરાવવા માટે આગળની આનુસાંગિક જરૂરી તમામ નિયમાનુસારની કાર્યવાહી જેવી કે, કામોનાં ડી.પી.આર. તૈયાર કરવા, કન્સલ્ટન્ટની નિમણૂંક કરવી વિગેરે કામો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટેની તમામ સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે. સદર કામગીરી અર્થે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાના સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

. ઉપરોકત તા.૧૯/૧૨/૨૦૨૨ (૧) નાં રોજથી કરેલ સરક્યુલર ઠરાવને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૫) :** પેટલાદ નગરપાલિકા દ્વારા તા.૧૯/૧૨/૨૦૨૨ (૨) નાં રોજથી કરેલ સરક્યુલર ઠરાવને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૭૦ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી નરેશકુમાર આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

***<u>સરક્યુલર ઠરાવ તા.૧૯/૧૨/૨૦૨૨ (૨)</u>***

**ઠરાવનો વિષય:-** સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અંતર્ગત અમૃત ૨.૦ સ્વેપ-૦૨૭૬ મિશન હેઠળનાં કામો કરવા કન્સલ્ટન્ટ રોકવા બાબત.

**<u>ઠરાવ</u>**

આથી આ સરક્યુલર ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રી દ્વારા અમૃત ૨.૦ સ્વેપ-૦૨ મિશન હેઠળ રાજયની તમામ નગરપાલિકાઓમાં ડેવલોપમેન્ટનાં કામો મંજુર કરવામાં આવેલ છે. તેનાં અનુસંધાનમાં સરકારશ્રીનાં ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા તેઓની કચેરીનાં પત્ર નં.G.U.D.M. / AMRUT 2.0 / SWAP / Tranche-2 / Administrative Approval / 2022-23 /2869(1) Dt.: 02/11/2022 નાં પત્રથી પેટલાદ નગરપાલિકાનાં નીચે પ્રમાણેના વિકાસનાં કામો ને સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે.

(૧) સરફેસ વોટર સપ્લાય પ્રોજેકટ ફેઝ-૨ રૂા.૨૨.૫૦ કરોડ (૨) ફોબીકુંડ તળાવનું રીનોવેશ રૂા.૨.૪૦ કરોડ તથા (૩) પૂર્ણાનંદ સોસાયટી પાસે નવિન ગાર્ડન બનાવવા રૂા.૦.૬૮ કરોડ આ કામોના અમલીકરણ માટેનાં ટેકનીકલ કામો જેવાંકે, ડી.પી.આર. તૈયાર કરવું, સરકારશ્રીમાંથી મંજુર કરાવવો, પ્લાન-એસ્ટીમેન્ટ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

તૈયાર કરાવવા, જરૂરી મંજુરીઓ મેળવવી, ડી.ટી.પી. તૈયાર કરવા વિગેરે કામો કરવા માટે કન્સલ્ટન્ટની નિમણૂંક કરવી જરૂરી છે.તે માટે સરકારશ્રીનાં શહેરી વિકાસ મિશન નાં પત્ર નં. G.U.D.M. / Tech. / AMRUT-2.0/ 2794 Dt.: 29/10/2022 થી સમર્થ ઇન્ફ્રા -ટેક. સર્વિસીસ પ્રા. લિ., પૂના. ને વડોદરા ઝોન માટે કન્સલ્ટન્ટ ની નિમણૂંક આપેલ છે. તેથી સમર્થ ઇન્ફ્રા -ટેક. સર્વિસીસ પ્રા. લિ., પૂના. ને પેટલાદ નગરપાલિકાની આ પ્રકારની કામગીરી માટે તેઓની નિયત કરેલી ફી થી નિમણૂંક આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમા કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે. સદર કામગીરી અર્થે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાના સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપરોકત તા.૧૯/૧૨/૨૦૨૨ (૧) નાં રોજથી કરેલ સરકયુલર ઠરાવને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬) :** પેટલાદ નગરપાલિકાની વિવિઘ સમિતિમાં પસાર થયેલ ઠરાવોને બહાલી આપવા બાબત

**ઠરાવ નં. ૭૧ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી નિલેશકુમાર એસ. વાલ્મિક, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની વિવિઘ સમિતિમાં પસાર થયેલ ઠરાવોને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. પેટલાદ નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક ગત તા.૦૯/૦૧/૨૦૨૩ નાં રોજ મળેલ હતી. જેમાં રજૂ થયેલ કામો પરત્વેનાં પસાર થયેલ ઠરાવ નં. ૬૩ થી ૭૭ સુધીનાં ઠરાવો તથા તેનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૭) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર -૨૨ થી માહે ડિસેમ્બર-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત

**ઠરાવ નં. ૭૨ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી ભાવિનભાઇ એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૨૨ થી માહે ડિસેમ્બર-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી નીચે જણાવેલ વિગતે સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૨૨ થી માહે ડિસેમ્બર-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| તા.૦૧/૧૦/૨૦૨૨ નાં રોજની ઉઘડતી સિલક | રૂા. | ૧૦,૧૧,૪૬,૯૦૫=૭૪ |
| માહે ઓકટોબર-૨૨ થી ડિસેમ્બર-૨૨ સુધીની આવક | રૂા. | ૪,૧૧,૯૨,૪૬૮=૦૦ |
| કુલ | રૂા. | ૧૪,૨૩,૩૯,૩૭૩=૭૪ |
| માહે ઓકટોબર-૨૨ થી ડિસેમ્બર-૨૨ સુધીનો ખર્ચ | રૂા. | ૫,૭૫,૧૫,૬૬૫=૦૦ |
| તા.૩૧/૧૨/૨૦૨૨ નાં રોજની બંઘ સિલક | રૂા. | ૮,૪૮,૨૩,૭૦૮=૭૪ |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાAવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૮)** : શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર -૨૨ થી માહે ડિસેમ્બર-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત

**ઠરાવ નં. ૭૩ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ. શ્રી ભાવિનભાઇ એમ. પટેલના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૨૨ થી માહે ડિસેમ્બર-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર - ૨૨ થી માહે ડિસેમ્બર - ૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૯)** : પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની ફરજ બજાવતાં કાયમી કર્મચારીશ્રી રતિલાલ અંબાલાલ જાદવનાં ચાલુ ફરજ દરમ્યાન થયેલ દુ:ખદ અવસાનથી તેઓનાં વારસદાર હર્ષાબેન રતિલાલ જાદવ એ રહેમરાહે નિમણૂંક મેળવવા અંગે કરેલ અરજી વંચાણમાં લઇ મંજુર કરવા બાબત

**ઠરાવ નં. ૭૪ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની ફરજ બજાવતાં કાયમી કર્મચારી શ્રી રતિલાલ અંબાલાલ જાદવનાં ચાલુ ફરજ દરમ્યાન થયેલ દુ:ખદ અવસાનથી તેઓનાં વારસદાર હર્ષાબેન રતિલાલ જાદવ એ રહેમરાહે નિમણૂંક મેળવવા અંગે કરેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં સફાઇ કામદાર શ્રી રતિલાલ અંબાલાલ જાદવનુ તા.૨૯/૧૦/૨૦૨૨ નાં રોજ ચાલુ ફરજ દરમ્યાન અવસાન થવાથી તેઓનાં વારસદાર શ્રી હર્ષાબેન રતિલાલ જાદવ એ નિયમાનુસાર રહેમરાહે નિમણૂંક મેળવવા અંગે કરેલ અરજી વંચાણમાં લીધી. નગરપાલિકાઓમાં સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતાં સફાઇ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સફાઇ કામદારનાં વારસદારને વારસદાર તરીકે રહેમરાહે નિમણૂંક આપવાની યોજના મુજબ સરકારશ્રીનાં પ્રવર્તમાન પરિપત્રો અને ઠરાવો ધ્યાને લઇને નગરપાલિકા કક્ષાએ કાર્યવાહી કરવાની રહે છે. તેથી ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંકઃ નપમ / ૧૨૨૦૧૭ / સી.ફા.૨૮ / આર તા.૧૮/૧૦/૨૦૧૭ નાં ઠરાવમાં જણાવેલ વિગતે પરિશિષ્ટ-૧ ની જોગવાઇઓ મુજબ કાર્યવાહી કરવાની રહે છે. તે આધારે પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં શ્રી રતિલાલ અંબાલાલ જાદવનાં વારસદાર શ્રી હર્ષાબેન રતિલાલ જાદવને પરિશિષ્ટ-૧ ની જોગવાઇઓને આધિન તથા અરજદારે રજૂ કરેલ સાધનિક કાગળો અને પુરાવા ચકાસણી કરી યોગ્ય લાયકાતની પાત્રતાને આધિન તા.૦૧/૦૩/૨૦૨૩ નાં રોજથી વર્ગ-૪ ની સફાઇ કામદારની ખાલી પડેલ આ જગ્યા પર ફીકસ પગારનાં સરકારશ્રીનાં ધારાધોરણો મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ રૂા.૧૬,૨૨૪/- નાં પગારથી રહેમરાહે નિમણૂંક આપવા ઠરાવવામાં આવે છે. પાંચ વર્ષ પૂર્ણ થયેથી તેઓની કામગીરી સંતોષકારક જણાય તો તેઓને તે સમયનાં અમલમાં હોય તે વર્ગ-૪ સફાઇ કામદારનાં પગાર ધોરણોનાં મહેકમમાં સમાવેશ કરવાનો રહેશે. આ અંગે આગળની જરૂરી તમામ આનુસાંગિક કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૦) :** સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ યુ.ડી.પી.-૭૮ ની આગવી ઓળખ બાબતની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી ટાઉનહોલ બનાવવાનાં કામે વર્તમાન એસ.ઓ.આર. મુજબ રીવાઇઝ એસ્ટીમેટ તૈયાર કરી નવેસરથી તાંત્રિક મંજુરી મેળવવા કાર્યવાહી કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ

**ઠરાવ નં. ૭૫ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ યુ.ડી.પી.-૭૮ ની આગવી ઓળખ બાબતની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી ટાઉનહોલ બનાવવાનાં કામે વર્તમાન એસ.ઓ.આર. મુજબ રીવાઇઝ એસ્ટીમેટ તૈયાર કરી નવેસરથી તાંત્રિક મંજુરી મેળવવા કાર્યવાહી કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નવિન ટાઉન હોલ બનાવવાનાં કામે સરકારશ્રી દ્વારા આગવી ઓળખ હેઠળ યુ.ડી.પી-૭૮ ની સને ૨૦૧૯-૨૦ ની ગ્રાન્ટની ફાળવણી પેટલાદ નગરપાલિકાને કરવામાં આવેલ હતી. સદર બાબતે આગળની ઘટતી કાર્યવાહી હાથ ધરી જે તે સમયે સને ૨૦૧૮-૧૯ નાં એસ.ઓ.આર. ભાવથી આ કામે અંદાજીત ખર્ચની રકમનાં અંદાજો તૈયાર કરી વહીવટી મંજુરી મેળવેલ હતી. તે આધારે તા.૨૪/૦૭/૨૦૨૨ નાં રોજથી ઇ-ટેન્ડર પ્રક્રિયાથી ભાવો મંગાવવામાં આવતાં ફક્ત એક જ ભાવપત્ર આવેલ હોવાથી નિયમાનુસાર તે ભાવપત્ર ખોલી શકાય નહિં. અને ત્યારબાદ વખતો વખત ઇ-ટેન્ડર નોટીસથી ભાવપત્રો મંગાવવામાં આવતાં એકપણ એજન્સીએ ભાવપત્ર ભરેલ ન હતાં.જે બાબતે વર્તમાન સમયનાં બજાર ભાવ તથા નગરપાલિકાનાં અગાઉ મંજુર થયેલ અંદાજો કરતાં વર્તમાન ભાવમાં ઘણો વધારો થયેલ જોવા મળેલ છે. જેથી આ કામગીરી કરવા માટે પેટલાદ નગરપાલિકાએ અગાઉ મંજુર કરેલ અંદાજો અને તે પરત્વે મળેલ વહીવટી મંજુરી નવેસરથી તૈયાર કરી મંજુરી મેળવવાની થાય છે.

તેથી સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને આગવી ઓળખ હેઠળ યુ.ડી.પી.-૭૮ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ટાઉનહોલ બનાવવાનાં કામે અગાઉ તૈયાર કરવામાં આવેલ અંદાજો તથા મળેલ મંજુરી રદ કરી નવેસરથી આ કામે અંદાજો તૈયાર કરી તે મુજબ વહીવટી મંજુરી મેળવી તે આધારે સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી નિયમાનુસાર પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૧) :** સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી વિવિધ ગ્રાન્ટની રકમમાંથી બચત રહેતી ઉપલબ્ધ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસનાં કામો નક્કી કરવા બાબત.

**ઠરાવ નં. ૭૬ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી વિવિધ ગ્રાન્ટની રકમમાંથી બચત રહેતી ઉપલબ્ધ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસનાં કામો નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા વિવિધ યોજના અંતર્ગત અલગ-અલગ સદર હેઠળની જુદા જુદા વર્ષની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવે છે. જેમાંથી સને ૨૦૧૭-૧૮ ની એસ.સી.એસ.પી. સદરની રૂા.૯,૦૧,૩૦૦/-, ટી.એ.એસ.પી. સદરની રૂા.૩૩,૧૮,૦૦૦/-, તથા સને ૨૦૧૯-૨૦ ની એસ.સી.એસ.પી. સદરની રૂા.૪૩,૮૬,૦૦૦/-, તથા સને ૨૦૨૦-૨૧ ની એસ.સી.એસ.પી. સદરની રૂા.૪૩,૮૬,૦૦૦/-, ટી.એ.એસ.પી. સદરની રૂા.૪૯,૪૭,૦૦૦/-, તથા સને ૨૦૨૧-૨૨ ની એસ.સી.એસ.પી. સદરની રૂા.૧૪,૮૩,૯૦૦/- ટી.એ.એસ.પી. સદરની રૂા.૪૭,૮૬,૦૦૦/-, તેમજ સને ૨૦૨૨-૨૩ ની એસ.સી.એસ.પી. સદરની રૂા.૪૯,૪૪,૦૦૦/-, ટી.એ.એસ.પી. સદરની રૂા.૫૪,૧૫,૦૦૦/-, ની રકમો બચત રહેવા પામેલ છે. આ બચત અને ઉપલબ્ધ ગ્રાન્ટની રકમોમાંથી ગ્રાન્ટની યોજનાનાં નિયમાનુસાર વિકાસનાં કામો હાથ ધરવાનાં થાય

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફક્ત આપના જાણ માટે જ છે. જેને સત્તાંવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

છે. જે વિકાસનાં કામો નક્કી કરવા તથા નિયમાનુસારની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટની રકમ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૨) :** સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને રોડ રીસર્ફેસીગઘની ફાળવેલ રૂા.૨૦.૦૦ લાખની ગ્રાન્ટની રકમમાંથી કરવાપાત્ર થતાં કામો નક્કી થઇ આવવા બાબત

**ઠરાવ નં. ૭૭ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને રોડ રીસર્ફેસીગની ફાળવેલ રૂા.૨૦.૦૦ લાખની ગ્રાન્ટની રકમમાંથી કરવાપાત્ર થતાં કામો નક્કી થઇ આવવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંક : મફબ / SJMMSVY/(UDP-78)/ ૬૨ ન.પા. / MMSVY -સૈધ્ધાંતિક / ૨૦૨૨-૨૩ / ૨૦૨૨ / ૧૮૪૮૦ તા.૨૧/૧૦/૨૦૨૨ થી નગરપાલિકાને રસ્તાનાં રીસર્ફેસીગની કામગીરી માટે પેટલાદ નગરપાલિકાને રૂા.૨૦.૦૦ લાખની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જેથી સદર ગ્રાન્ટ ફાળવણીની જણાવેલ શરતોને આધિન પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કામો કરવાનાં થાય છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી કામો નક્કી કરવાની સત્તા માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૩) :** પેટલાદ નગરપાલિકામાં વિવિધ વિભાગો માટે વસાવેલ જુદા જુદા સોફટવેરનું વાર્ષિક મેન્ટેજન્સની કામગીરી સોંપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૮ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં વિવિધ વિભાગો માટે વસાવેલ જુદા જુદા સોફટવેરનું વાર્ષિક મેન્ટેજન્સની કામગીરી સોંપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ઇ-ગવર્નન્સ અંતર્ગત જુદા જુદા વિભાગોની કામગીરીને અનુલક્ષીને પ્રોપર્ટી ટેક્ષ, મેરેજ રજીસ્ટ્રેશન, જન્મ-મરણ, વ્યવસાય વેરા, બી.પી.એલ. વિગેરે જેવા સોફટવેર જરૂરી કાર્યવાહી હાથ ધરી હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદ પાસેથી ખરીદ કરવામાં આવેલ છે. આ સોફટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સ માટે ગત વર્ષે હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૩ / તા. ૨૫/૫/૨૦૨૨ થી ઠરાવ કરી કામગીરી સોંપવામાં આવેલ હતી. આ તમામ સોફટવેર તેઓ પાસેથી જ ખરીદ કરેલ હોઇ મેન્ટેનન્સ કામગીરી સરળતાથી થઇ શકે છે. વધુમાં સોફટવેર ખરીદ કર્યેથી ગત વર્ષ સુધી પ્રતિ વર્ષ આ એજન્સી પાસેથી આવી કામગીરી કરાવવામાં આવે છે. તેથી તેઓ અનુભવી અને જાણકાર પણ છે. તથા આ સમયગાળા દરમ્યાન તેઓની મેન્ટેનન્સની કામગીરી સંતોષકારક રહેલ છે. જે જોતાં આગામી નાણાંકીય વર્ષ માટે વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી તેઓને સોંપવા હિતાવહ જણાય છે. પરંતુ સરકારશ્રીની સુચના અનુસાર ઇ-નગર યોજના અન્વયે આ તમામ પ્રોગ્રામ ઓનલાઇન પ્રક્રિયામાં તબદીલ કરવામાં આવનાર છે અને તે પૈકી જન્મ, મરણ અને લગ્ન નોંધણી તથા પ્રોપર્ટી ટેક્ષ એ ઓનલાઇન પ્રક્રિયા સાથે જોડવામાં પણ આવેલ છે. જેથી સરકારશ્રી તરફથી મળનાર આગામી સૂચના અન્વયે અન્ય વિભાગોનાં મળી તમામ ડેટા એન્ટ્રી સરકારશ્રીનાં ઓનલાઇન સોફટવેર માટે તબદીલ કરી

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાFવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઇપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

આપવાની શરતે અને તે કારણસર જે સોફટવેરનો ઉપયોગ બંધ થાય તેવા સંજોગોમાં તે દિવસથી મેન્ટેનન્સનો ખર્ચ બાદ કરી આપવાની શરતે પેટલાદ નગરપાલિકામાં વસાવેલ વિવિધ સોફટવેરની વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને નગરપાલિકાનાં હિતને ધ્યાને રાખી વખતોવખતનાં ઠરાવને આધિન આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે સોંપવા ઠરાવવામાં આવે છે. તથા તે અંગેનાં એકાઉન્ટીગ સીસ્ટમ તથા નગરપાલિકાની વેબસાઇટ અને મેન્ટેનન્સનાં મળી કુલ આવેલ રૂા.૧,૦૦,૦૦૦/-નો ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. અને ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવામાં નિષ્ફળ જાય તો ખર્ચની રકમનાં ૫૦% ચૂકવવા અને જો સંપૂર્ણ માહિતી ઓનલાઇન ડેટા સરકારશ્રીનાં સોફટવેરમાં કરી આપે તો પૂરેપૂરી ખર્ચની રકમ ચૂકવવા અને જો સંપૂર્ણ માહિતી ઓનલાઇન ડેટા સરકારશ્રીનાં સોફટવેરમાં કરી આપે તો પુરેપુરી ખર્ચની રકમ ચૂકવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૪) :** સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવનાર સ્વેપ-૩ ની ગ્રાન્ટની રકમમાંથી કરવાનાં થતાં વિકાસનાં કામો નક્કી થઇ આવવા બાબત.

**ઠરાવ નં. ૭૯ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવનાર સ્વેપ-૩ ની ગ્રાન્ટની રકમમાંથી કરવાનાં થતાં વિકાસનાં કામો નક્કી થઇ આવવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા અમલમાં આવેલ અમૃત ૨.૦ અંતર્ગત સ્વેપ-૩ યોજનાની ગાઇડ લાઇન મુજબનાં કામો નગરપાલિકા દ્વારા નક્કી કરી દરખાસ્ત કરવાની થાય છે. આ યોજના અંતર્ગત પાણી પૂરવઠા, ભૂગર્ભ ગટર યોજના, તળાવ બ્યુટીફીકેશન, એસ.ટી.પી.નાં વપરાશ થયેલ પાણીનાં રીયુઝ કરવા જેવા કામો લઇ શકાય છે. જેથી ભવિષ્યમાં સરકાર તરફથી સુચના મળ્યેથી આ પ્રકારનાં કામો નક્કી કરવાની સત્તા તથા આગળની નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓસિરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૫) :** પેટલાદ નગરપાલિકાનાં એકાઉન્ટ વિભાગની તમામ એન્ટ્રી ડબલ એન્ટ્રી સીસ્ટમમાં ડેટા તૈયાર કરવા માટે સરકારશ્રી દ્વારા મળેલ સુચના અન્વયે સી.એ. ની નિયુક્તિ કરવા બાબત

**ઠરાવ નં. ૮૦ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી જયકુમાર બી. પટેલ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં એકાઉન્ટ વિભાગની તમામ એન્ટ્રી ડબલ એન્ટ્રી સીસ્ટમમાં ડેટા તૈયાર કરવા માટે સરકારશ્રી દ્વારા મળેલ સુચના અન્વયે સી.એ. ની નિયુક્તિ કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર કચેરીનાં પત્ર ક્રમાંકઃ મફબ / અકડ / ચુ-૯ / ૨૦૨૧ / ૪૦૨૩ તા.૨૦/૦૨/૨૦૨૧ તથા મે. પ્રાદેશિક કમિશ્નર શ્રી, નગરપાલિકાઓ, વડોદરા ઝોન, વડોદરા કચેરીનાં પત્ર ક્રમાંકઃ સી.એ. ફર્મ / ૫ / ૬ / ૨૦૨૧ / ૨૪૬ તા.૫/૬/૨૦૨૧ થી પાઠવેલ પત્રો અન્વયે નગરપાલિકા કક્ષાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવા જણાવેલ છે. નગરપાલિકાઓને ફાળવવામાં આવતી ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટના હિસાબો માટે આ કામગીરી અગાઉ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર કચેરી દ્વારા કરાવવામાં આવતી હતી. જે હવે નગરપાલિકા કક્ષાએ કરવા ઉકત પત્રોથી જણાવેલ છે. જેથી સારાસારાનો વિચાર કરતાં અને કામગીરીની સરળતા તથા ચોકસાઇ પૂર્વક થઇ શકે તેવા શુભાશયથી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર દ્વારા ઘટતી કાર્યવાહીથી એમપેનલ થયેલ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઇપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

સી.એ. ફર્મ એજન્સી તથા મંજુર કરેલ દરથી તેઓ પાસેથી કામગીરી કરાવવી ઉચિત અને યોગ્ય જણાય છે. તેથી સદર કામે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા નક્કી કરાયેલ એજન્સી તથા મંજુર કરેલ દરથી પેટલાદ નગરપાલિકામાં સને ૨૦૨૩-૨૪ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર વાર્ષિક ખર્ચ રૂા.૧,૯૮,૪૫૦/- તથા જી.એસ.ટી. ની થતી રકમ સહિતનાં કુલ ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૬) :** પેટલાદ નગરપાલિકાને વિકેન્દ્રીત જીલ્લા આયોજનની ૧૫% આયોજન હેઠળની રૂા.૨૫.૦૦ લાખની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો હાથ ધરવા બાબત

**ઠરાવ નં. ૮૧ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી જયકુમાર બી. પટેલ, શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને વિકેન્દ્રીત જીલ્લા આયોજનની ૧૫% આયોજન હેઠળની રૂા.૨૫.૦૦ લાખની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો હાથ ધરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં જીલ્લા આયોજન કચેરી, આણંદ દ્વારા તેઓની કચેરીનાં પરિપત્ર ક્રમાંક : અજન / વિ.જી.આ. / વશી / ૨૦૨૩-૨૪ / ૬૧૪ તા.૨૧/૧૨/૨૦૨૨ થી પેટલાદ નગરપાલિકાને વિકેન્દ્રીત જીલ્લા આયોજન ૧૫% હેઠળની રૂા.૨૫.૦૦ લાખની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેવર બ્લોકના કામ માટે ૧૫%, સી.સી. રોડની જરૂરિયાત હોય તો ૧૫% અને બાકી રહેતી રકમ પાણી પૂરવઠા, આરોગ્ય તથા પ્રાથમિક શિક્ષણની સગવડો માટે ના કામો હાથ ધરી શકાય છે. તે આધારે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસનાં કામો નક્કી કરવા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની નિયમાનુસારની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૭) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર ભોલુવાડમાં વરસાદી પાણીનાં નિકાલ માટે નીક બનાવવાનાં કામે યોગ્ય નિર્ણય કરવા બાબત.

**ઠરાવ નં. ૮૨ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી જયકુમાર બી. પટેલ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર ભોલુવાડમાં વરસાદી પાણીનાં નિકાલ માટે નીક બનાવવાનાં કામે યોગ્ય નિર્ણય કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભોલુવાડાથી ખારાકુવા તરફથી મીરઝાની ખડકી સુધી વરસાદી પાણીનાં નિકાલ માટેની નીક બનાવવા સામાન્ય સમગ્ર સભાનાં ઠરાવ નં.૮૬ તા.૩૧/૦૧/૨૦૨૨ થી કામ મંજુર થયેલ હતું. તે આધારે આગળની નિયમાનુસાર ઘટતી કાર્યવાહી હાથ ધરી સ્થળ પર કામગીરી કરાવવામાં આવતાં સ્થાનિક રહીશોની રજૂઆત આધારે આ નીકની ઉંડાઇ વધારી ચણતર કરી તેને બંધ કરવા જણાવેલ છે. આ અંગે સ્થળ સ્થિતિ પર ચકાસણી કરતાં રજૂઆત સાચી જણાયેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર ભોલુવાડાથી ખારાકુવા થઇ મીરઝાની ખડકી સુધી વરસાદી પાણીનાં નિકાલ માટેની નીક ઉંડાઇ સાથે બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રીવાઇઝ અંદાજીત ખર્ચ રૂા.૨,૯૨,૬૫૩/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંટ થનાર

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા.વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની નિયમાનુસારની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૮) :** પેટલાદનાં સર્વે નં.૬૯૫ માં બનાવેલ સોસાયટીનાં આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સોંપવા અંગે આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮૩ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદનાં સર્વે નં.૬૯૫ માં બનાવેલ સોસાયટીનાં આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સોંપવા અંગે આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રે.સ.નં.૬૯૫ માં બનાવેલ સોસાયટીનાં આંતરિક રસ્તાઓ જાહેર માર્ગ તરીકે નગરપાલિકાને ઓંપણી કરવા અરજદાર ફરજાનાબીબી સીકંદરશા દિવાન એ અરજી સાથે સામેલ નકશામાં દર્શાવેલ રસ્તાઓ પેટલાદ નગરપાલિકાને સોંપવા અંગે અરજી કરેલ છે. સદર આવેલ અરજીનાં અનુસંધાને પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રે.સ.નં. ૬૯૫ માં આવેલ સોસાયટીનાં કામ સાથે સામેલ નકશામાં દર્શાવેલ સોસાયટીનાં કોમન પ્લોટ સહિતનાં આંરતરિક રસ્તાઓ પેટલાદ નગરપાલિકાનાં જાહેર માર્ગો તરીકે સ્વીકારવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૯) :** ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા વિભાગની પેટલાદ ખાતે કચેરી માટેની જગ્યાની ફાળવણી કરવા અંગે તેઓની કચેરીનો આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા બાબત.

**ઠરાવ નં. ૮૪ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી જયકુમાર બી. પટેલ, શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા વિભાગની પેટલાદ ખાતે કચેરી માટેની જગ્યાની ફાળવણી કરવા અંગે તેઓની કચેરીનો આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં આણંદ જીલ્લાનાં પેટલાદ, બોરસદ અને આંકલાવ તાલુકાનાં વિવિધ ગામોમાં પીવાનાં પાણીની જરૂરિયાત પુરી પાડવા માટે ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર હસ્તકની જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ કચેરી પેટલાદ ખાતે હાલમાં ભાડાનાં મકાનમાં કાર્યરત છે. તેથી તેઓનાં કચેરીનાં મકાન માટે જમીનની ફાળવણી કરવા ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં જા.નં.: ટેકસેલ / જમીનની જરૂરિયાત / પરિપત્ર / ૪૯૩ તા.૩૦/૦૫/૨૦૨૨ થી પરિપત્ર પાઠવી કચેરીની જરૂરિયાત મુજબની જમીન ફાળવણી કરવા સબંધિત કચેરીઓમાં જાણ કરેલ છે. તે આધારે નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, ગુજરાત પાણી પૂરવઠા ગટર વ્યવસ્થા બોર્ડ, જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગની કચેરી, પેટલાદ દ્વારા તેઓની કચેરીનાં જા.નં.: એસકે / પાણી પૂરવઠા ઓફિસ / પેટલાદ / ૪૦૭ / ૨૦૨૨ તા.૦૮/૦૬/૨૦૨૨ થી પત્ર પાઠવી પેટલાદ નગરપાલિકા હસ્તકનાં ટી.પી. સ્કીમ નં.૨ નાં ફા.પ્લોટ નં.૫/એ જેનાં શીટ નં.૪૬ સીટી સર્વે નં.૫/એ ની કુલ ૨૨૭૨૦ ચો.મી. વાળી જમીન પૈકી ૮૦૦ ચો.મી. ની જગ્યા સરકારી નાણાંની ચુકવણી કરવાની થતી હોય તે રકમની ભરપાઇ કરવાની સહમતિ સાથે સદર કચેરી માટે જગ્યાની ફાળવણી કરવા જણાવેલ છે.

ઉપરોકત બાબતે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા-વિચારણાનાં અંતે આ અંગે સબંધિત વિભાગમાંથી જમીનની અંદાજીત કિંમત તથા સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવી તે આધારે પેટલાદ ની ટી.પી.સ્કીમ નં.-૨ નાં ફા.પ્લોટ નં.૫/એ વાળી કુલ ૨૨૭૨૦ ચો.મી. જમીન પૈકી ૮૦૦ ચો.મી. વાળી સમગ્ર પ્લોટની જમીન પૈકી નગરપાલિકાને ભવિષ્યમાં આ જમીનનાં ઉપયોગ માટે જરૂરિયાત ઊભી થાય ત્યારે આ ફાળવેલ ૮૦૦ ચો.મી.વાળી જમીન નડતરરૂપ ન બને તેવી સુયોગ્ય જગ્યાની ફાળવણી સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમો મુજબ જમીન આપવા બાબતની કિંમત નક્કી થઇ આવ્યેથી નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૬૫ (૨) હેઠળ સબંધિત સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવી તથા તે અંગેની નિયમાનુસાર ઘટતી તમામ કાર્યવાહી અનુસરીને પેટલાદની ટી.પી. સ્કીમ નં.૨ નાં ફા. પ્લોટ નં.૫/એ વાળી કુલ ૨૨૭૨૦ ની કુલ જમીન પૈકી ૮૦૦ ચો.મી. ની જગ્યા ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ, પેટલાદની કચેરી માટે ફાળવણી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની નિયમાનુસારની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૦) :** પેટલાદ તાલુકા અર્બન હેલ્થ સેન્ટર માટે ફાળવણી કરેલ જગ્યા પરત્વે ફેરવિચારણા કરવા બાબત.

**ઠરાવ નં. ૮૫ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી સુનિલકુમાર એસ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ તાલુકા અર્બન હેલ્થ સેન્ટર માટે ફાળવણી કરેલ જગ્યા પરત્વે ફેરવિચારણા કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા અગાઉ સામાન્ય સમગ્ર સભાનાં ઠરાવ નં.૩૮ /તા.૧૯/૦૬/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ તાલુકા અર્બન હેલ્થ સેન્ટરને સરકારશ્રીનાં ધારાધોરણો તથા નિયમ મુજબ વેચાણ કિંમત નક્કી કરી તે મુજબ વસુલ કરી જમીન ફાળવણી કરવાની થતી હતી. પરંતુ સબંધિત વિભાગ દ્વારા વિના મુલ્યે આ જમીન ફાળવવા માંગણી થયેલ છે. જેથી અગાઉની સામાન્ય સભાનાં ઠરાવમાં સુધારો કરવાનો થાય. તો આ અંગે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૬૫ (૨) ની જોગવાઇઓ ધ્યાને લઇ સક્ષમ અધિકારીશ્રીનું માર્ગદર્શન મેળવી આવી જમીન વિના મુલ્યે આપી શકાય કે કેમ? તેવો અભિપ્રાય મેળવી તે આધારે આવનાર અભિપ્રાય મુજબ જમીન ફાળવણીની આગળની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી નિયમાનુસારની તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૧) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વિવિધ સોસાયટીઓમાં જનભાગીદારીથી વિકાસનાં કામો હાથ ધરવા અંગે તેઓની આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮૬ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી સુનિલકુમાર એસ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વિવિધ સોસાયટીઓમાં જનભાગીદારીથી વિકાસનાં કામો હાથ ધરવા અંગે તેઓની આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં આર્થિક ભારણ ઘટે તેવા શુભાશયથી જનભાગીદારીથી વિકાસનાં કામો કરવા બાબતની યોજના અમલમાં છે અને તેનો અમલ કરવા સબંધિત વડી કચેરી દ્વારા યોજવામાં આવતી વિવિધ બેઠકોમાં સુચના આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ લેવા અને જનભાગીદારીથી સોસાયટીનાં આંતરિક રસ્તા સી.સી. રોડ બનાવવા, ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવી, પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવી વિગેરે જેવા કામો હાથ ધરવા પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ હીના પાર્ક-૨, સચ્ચિદાનંદ ટાઉનશીપ, અંબિકાનગર સોસાયટી તથા અહદ પાર્ક સોસાયટીનાં ઓર્ગેનાઇઝર અથવા સોસાયટીનાં રહીશો દ્વારા જુદા જુદા કામો માટે અલગ-અલગ અરજીઓ આવેલ છે. પરંતુ આવી માંગણી વાળી સોસાયટીઓનાં આંતરિક રસ્તાઓ નગરપાલિકાને જાહેર માર્ગ તરીકે સોંપવામાં આવેલ નથી. તેથી આ ઠરાવથી માંગણીવાળી સોસાયટીની અરજી સાથે રજૂ કરેલ નકશામાં દર્શાવેલ સોસાયટીઓનાં કોમન પ્લોટ સહિત આંરિક રસ્તાઓ તેઓની અરજીમાં જણાવેલ વિગતે નગરપાલિકાએ જાહેર માર્ગ તરીકે સ્વીકારવા ઠરાવવામાં આવે છે. અને તેઓની અરજીમાં જણાવેલ માંગણી મુજબની કામગીરી જનભાગીદારીથી કરાવવા ઠરાવવામાં આવે છે. સદર બાબતે જરૂરી અંદાજો તૈયાર કરી જનભાગીદારી યોજનાનાં ધારાધોરણો મુજબ જે તે અરજદારશ્રીને ભરવાપાત્ર થતી રકમ નગરપાલિકામાં ચૂકતે વસુલ લઇ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી જરૂરિયાત મુજબની કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની નિયમાનુસારની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૨) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર માર્ગોની સરકારી જમીન પર મુકવામાં આવેલ કાચા કેબીનોનાં ભાડાપટાનાં કરાર બાબતે યોગ્ય નિર્ણય કરવા બાબત.

**ઠરાવ નં. ૮૭ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર માર્ગોની સરકારી જમીન પર મુકવામાં આવેલ કાચા કેબીનોનાં ભાડાપટાનાં કરાર બાબતે યોગ્ય નિર્ણય કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં મુખ્ય રસ્તાઓ પર ટ્રાફીકની સમસ્યા ઘણી જ વધતી જાય છે. અને ટ્રાફીક જામ થવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો જરૂરી જણાય છે. ગત માસની તાલુકા સંકલન સમિતિની બેઠકમાં આ બાબતે રજૂઆત મળેલ હતી. જેથી નગરપાલિકા તથા પોલીસ વિભાગ દ્વારા એસ.એસ.હોસ્પિટલ પાસે, બસ સ્ટેશન રોડથી સરદાર ચોક સુધી તથા રણછોડજી મંદિરથી કોલેજ ચોકડી સુધી અને સાંઇનાથ રોડ ઉપર રસ્તા પરનાં લારી-ગલ્લા, કેબીનો, શેડ-પતરા વિગેરેનાં નડતરરૂપ દબાણો દૂર કરવામાં આવેલ હતાં. પરંતુ આમ થવાથી તેઓની રોજી-રોટીને અસર થયેલ અને તેઓ દ્વારા રજૂઆતો પણ મળેલ જે તમામ બાબતો ધ્યાને લઇ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

(૧) પેટલાદ શહેર તાલુકાનું એક મુખ્ય મથક છે. અને આશરે ૭૦ હજાર જેટલી વસતી ધરાવે છે. પેટલાદ તાલુકાનાં કુલ ૫૬ ગામો આવેલ છે. તેથી તાલુકાનું મથક હોવાથી તાલુકા કક્ષાની તમામ સરકારી કચેરીઓ આવેલ છે. ઉપરાંત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનો વેપાર ઉદ્યોગ સાથે ધમધમતું શહેર છે. આથી સ્વાભાવિક છે કે શહેરમાં ટ્રાફીકને લગતી અનેક સમસ્યાઓ ઉદ્‌ભવે અને અવાર-નવાર ટ્રાફીકની ફરિયાદો પણ ઊભી થયેલ છે. તેથી શહેર માટે પાર્કિંગ પોલીસી નક્કી કરવાની જરૂરિયાત ઊભી થયેલ છે.

ખંભાત-નડિયાદ હાઇવે પરથી પેટલાદ શહેરમાં પ્રવેશ માટેનાં મુખ્ય ત્રણ રસ્તા (૧) સર્કીટ હાઉસ ધોબીકુંડથી સ્ટેશન (૨) કોલેજ ચોકડીથી રણછોડજી મંદિર (૩) સાંઇનાથ ચોકડીથી રણછોડજી મંદિર થઇ સ્ટેશન રોડ. આ ઉપરાંત સેનેટરી રોડ તથા આશાપુરી રોડ આવેલ છે.

આ મુખ્ય રસ્તાઓ ઉપર શૈક્ષણિક શાળાઓ, મંદિરો, રહેણાંક તથા વેપાર ધંધા વિગેરે આવેલ હોઇ જેને લઇ ટ્રાફીકની હાલાકી ઊભી થાય છે. જેનાં નિરાકરણ અર્થે..

(અ) નડિયાદ- આણંદ તરફથી આવતાં ભારે વાહનો તથા ફોર વ્હીલરને સરકારી રેસ્ટ હાઉસ પાસેથી બાવળી જકાત નાકાથી એન.કે.હાઇસ્કૂલ સ્ટેશન રોડ તરફ બન્ને તરફે પ્રવેશ આપવો.

(બ) ખંભાત-ધર્મજ-બોરસદ તરફથી આવતાં ભારે વાહનોને સાંઇનાથ ચોકડીથી રણછોડજી મંદિર થઇ સ્ટેશન રોડ તરફ બન્ને તરફે પ્રવેશ આપવો.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાnવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઇપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

(ક) કોલેજ ચોકડીથી લક્ષ્મીજી મંદિર સુધી ભારે વાહનો માટે સવારે ૮=૦૦ ક. થી ૧૨=૦૦ ક. તથા સાંજે ૫=૦૦ ક. થી ૧૧=૦૦ ક. સુધી બન્ને તરફ ભારે વાહનો માટે પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવે.

કોલેજ ચોકડીથી રણછોડજી મંદિર રસ્તા પર બગીચો, રમત-ગમત સ્ટેડિયમ, હોસ્પિટલ, શાળા તથા ધાર્મિક સ્થળ આવેલ હોઇ આ રસ્તા ઉપર ખાણી-પીણીની લારીઓને યથાવત રાખીને તથા નાનાં ફોર વ્હીલર માટે સ્ટેડિયમનાં મેદાનમાં પાર્કિંગ રાખવું તથા ટુ વ્હીલર માટે ડાબી-જમણી બન્ને તરફ સફેદ પટ્ટાઓ પાડીને ટુ વ્હીલરનું પાર્કિંગ રાખવું.

સરદાર ચોકથી રેલ્વે સ્ટેશન-બસ સ્ટેશન સુધી રસ્તાની બન્ને તરફે સફેદ પટ્ટાઓ પાડી ટુ વ્હીલર માટે પાર્કિંગ જાહેર કરવું તેમજ રસ્તા પર અડચણરૂપ ન થાય તેવી રીતે લારી-ગલ્લાવાળાઓને વેપાર કરવા દેવા.

- આ રસ્તાઓ પર આવેલ ફુટપાથ ખુલ્લો કરાવવો,

- સ્ટેશન રોડ પર હાલમાં ઓવર બ્રીજનું કામ ચાલે છે તે પૂર્ણ થયેથી તેની નીચેનાં ભાગે વાહનો પાર્કિંગ માટેની વ્યવસ્થા કરવી.

- રણછોડજી મંદિર થી ચાવડી બજાર તરફનાં રસ્તા પર ફુટપાથ પરનાં તમામ અડચણરૂપ દબાણો દૂર કરવા.

ઉપરોકત તમામ બાબતો ધ્યાને લઇ આ પોલિસીનો અમલ કરવા ઠરાવવામાં આવે છે. અને તે અંગેનાં જરૂરી જાહેરનામા માટે મે.કલેકટર સાહેબશ્રીની કચેરી ખાતે દરખાસ્ત કરવા તથા નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવા ઉપરાંત નગરપાલિકાનાં અન્ય રસ્તા ઉપર પણ અડચણ રૂપ હોય તેવા લારી-ગલ્લા કે પાથરણાવાળાઓને વાહન વ્યવહારને અડચણ રૂપ ન થાય તેવા અને તે પ્રમાણે ન વર્તે તો નિયમાનુસારની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨) રેલ્વે ફાટકથી રેલ્વે સ્ટેશન સુધીનાં રસ્તાની પહોળાઇ મુજબનો રસ્તો ખુલ્લો કરવો. તે રસ્તા પર આવેલ તમામ કેબીનોને હયાત જગ્યાની પાછળ રેલ્વેની દિવાલ / હદ સુધી ખસેડી લેવા અને તેઓ પાસેથી નક્કી થયેલ ભાડુ વસુલ કરવું. જે લોકોએ (કેબીન ધારકોએ) નિયમિત ભાડુ ભરેલ નથી તેઓનાં પાછલા તમામ વર્ષોનાં ભાડાની રકમ વસુલ કર્યા બાદ જ પાછળ જગ્યા હાલ જેટલા માપ છે તેટલાં જ માપ પ્રમાણે ખુલ્લી જગ્યા ફાળવવી. અને જો કોઇ કેબીન ધારક બાકી ભાડાની રકમ જમા ન કરાવે તો તેવા કેબીન ધારક પાસેથી કાયદેસર કાર્યવાહીથી રસ્તો પહોળો કરવાનાં કામે જમીન કબ્જો પરત મેળવી તે કેબીન દૂર કરવું.

જે કેબીન ધારકોને પાછળનાં ભાગે જગ્યા મળતી નથી તેઓને નગરપાલિકાની અન્ય કોઇપણ સ્થળે ટ્રાફીકને નડતરરૂપ ન હોય તેવી પડતર જગ્યા ફાળવી આપવામાં આવે અથવા નગરપાલિકાનાં હયાત કોઇપણ શોપિંગ સેન્ટરની જે તે સમયે ખાલી દુકાન હોય તો તેવી દુકાન ભાડેથી રોકવા માંગતાં હોય તો ભાડાની રકમમાં તેવા ઇસમોને એક વર્ષ માટે ભાડાની રકમમાં ૫૦% રાહત આપવાની રહેશે.

રેલ્વે સ્ટેશન પાસે હયાત ઓકટ્રોયનાકાવાળુ મકાન તોડી નાંખી રસ્તો પહોળો કરવો. રેલ્વે સ્ટેશનથી સરદાર ચોક તરફના રસ્તા પર આવેલ કેબીનો રસ્તાની પહોળાઇ બહાર આવેલ હોય તો તેઓએ ત્યાં કેબીન યથાવત રાખવા.

ઉકત તમામ કાર્યવાહી માટે કેબીન ધારકો સાથે મીટીગ કરીને તેઓને જાણ કરી સમયમર્યાદામાં જગ્યા ખુલ્લી કરવા જણાવવું.

ઉપર જણાવ્યા મુજબની જરૂરી કાર્યવાહી કરવા તથા નિયમાનુસાર આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૩) :** પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં કોન્ટ્રાકટનાં રોજીંદા દરથી ફરજ બજાવતાં કર્મચારી શ્રી ધર્મેન્દ્રભાઇ જેઠાભાઇ જાદવ ને ફીકસ પગારમાં સમાવવા અંગે તેઓની આવેલ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ

**ઠરાવ નં. ૮૮ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં કોન્ટ્રાકટનાં રોજીંદા દરથી ફરજ બજાવતાં કર્મચારી શ્રી ધર્મેન્દ્રભાઇ જેઠાભાઇ જાદવ ને ફીકસ પગારમાં સમાવવા અંગે તેઓની આવેલ વંચાણમાં લીધી. સારાસારનો

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઇપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં કોન્ટ્રાકટનાં રોજનાં દરથી સફાઇ કામદાર તરીકે શ્રી ધર્મેન્દ્રભાઇ જેઠાભાઇ જાદવ ફરજ બજાવે છે. તેઓની આ કોન્ટ્રાકટનાં રોજનાં દર ને બદલે ફીકસ પગારમાં સમાવવા અંગે તેઓએ અરજી કરેલ છે. પરંતુ સરકારશ્રીનાં વર્તમાન ધારાધોરણો અને નિયમો તેમજ વિવિધ ઠરાવોને આધિન નગરપાલિકામાં સરકારશ્રીનાં સબંધિત સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય ફકત નગરપાલિકાનાં ઠરાવથી કોઇ પણ ઇસમને ફીકસ પગારમાં નિયુકિત આપી શકાય નહિં. જેથી અરજદારશ્રી ધર્મેન્દ્રભાઇ જેઠાભાઇ જાદવ એ તેઓને ફીકસ પગારમાં સમાવવા કરેલ અરજી નામંજુર કરી દફતરે કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૪) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર મલાવ ભાગોળ પાસે સજળ સંડાસ સંકુલમાં જરૂરી રપેરીગ કરાવવા અંગે વિધાનસભા સામાન્ય ચૂંટણીનાં સમયે માન. ધારાસભ્યશ્રી દ્વારા થયેલ રજૂઆત બાબતે યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮૯ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર મલાવ ભાગોળ પાસે સજળ સંડાસ સંકુલમાં જરૂરી રીપેરીગ કરાવવા અંગે વિધાનસભા સામાન્ય ચૂંટણીનાં સમયે માન. ધારાસભ્યશ્રી દ્વારા થયેલ રજૂઆત બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મલાવ ભાગોળ પાસે સજળ સંડાસ સંકુલ ઘણાં વર્ષો પહેલાં બનાવવામાં આવેલ છે. હાલમાં જર્જરિત હાલતમાં હોઇ તેનો ઉપયોગ કરી શકાય તેમ નથી. જો તેનું રીપેરીગ કરાવવામાં આવે તો તે પાછળ ઘણો ખર્ચ થાય તેમ છે. તેનાબ દલે તેને તોડી નવિન બનાવવામાં આવે તે હિતાવહ જણાય છે. તેથી સરકાશ્રી દ્વારા ભવિષ્યમાં ફાળવવામાં અવનાર ગ્રાન્ટની રકમમાંથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર મલાવ ભાગોળમાં નવિન સજળ સંડાસ સંકુલ બનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૫) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવતાં નવિન વાહનો નો વન ટાઇમ વાહન વેરો નગરપાલિકાની આર્થિક સ્થિતિ સુધારા માટે નવિન દાખલ કરવા બાબત.

**ઠરાવ નં. ૯૦ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી નિલેશકુમાર એસ. વાલ્મિક, શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવતાં નવિન વાહનો નો વન ટાઇમ વાહન વેરો નગરપાલિકાની આર્થિક સ્થિતિ સુધારા માટે નવિન દાખલ કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં નગરપાલિકાની આર્થિક સ્થિતિ સુધારવા માટે નગરપાલિકામાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૯૯ હેઠળ તથા તેની જોગવાઇઓને આધિન નવો વેરો નાંખી શકાય છે. તેથી નગરપાલિકા હદ વિસ્તારમાં આવતાં નવિન વાહનોનો વન ટાઇમ વાહન વેરો દાખલ કરવામાં આવે તો તેનાંથી થતી આવકથી નગરપાલિકાની આર્થિક સ્થિતિમાં સુધારો કરી શકાય તેમ છે. આ માટે આર.ટી.ઓ સાથે સંકલનમાં રહી ઘટતી કાર્યવાહીથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવતાં નવિન વાહનોનો વન ટાઇમ વેરો દાખલ કરવા ઠરાવવામાં આવે છે. જેમાં પેટલાદ શહેરમાં આવતાં નવિન વાહનો પૈકી ટુ વ્હીલર વાહનોનાં રૂા.૨,૫૦૦/-, થ્રી વ્હીલર વાહનોનાં રૂા.૩,૦૦૦/-, ફોર વ્હીલર વાહનોના રૂા.૪,૦૦૦/- તથા તે સિવાય સીક્ષ વ્હીલર તથા અન્ય હેવી તમામ વાહનોનાં રૂા.૫,૦૦૦/- વસુલ લેવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિ

નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૬) :** પેટલાદ નગરપાલિકાનાં હાલનાં ઓવરસીયર આગામી દિવસોમાં લાંબી રજા પર જનાર હોઇ શહેરમાં કરવાનાં થતાં વિકાસનાં કામો ખોરંભે ન પડે અને આ વિભાગની કામગીરી અટકી ન પડે તેવા શુભાશયથી ૧૧ માસનાં કરાર આધારિત એન્જીનીયરની નિયુક્તિ કરવા બાબત

**ઠરાવ નં. ૯૧ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં એન્જીનિયરની કોમન કેડરની જગ્યા હાલમાં ખાલી છે. અને બાંધકામ વિભાગમાં ઓવરસીયર શ્રી જીતેશભાઇ એમ. પટેલ તમામ કામગીરી સંભાળે છે. તેઓ પોતાનાં અંગત કારણોસર લાંબા સમય સુધી રજા પર જનાર છે. તે દરમ્યાન નગરપાલિકાનાં વિકાસનાં કામો અને અન્ય કામગીરીને અસર ન પડે તે માટે ફીકસ પગારથી ૧૧ માસનાં કરારથી નિમણૂંક આપવામાં આવે તો સરળતાથી કામગીરી થઇ શકે. એન્જીનિયરની જગ્યા સરકારી કોમન કેડરની હોવાથી આવી જગ્યાની નિમણૂંક કરવા માટે મે.પ્રાદેશિક કમિશ્નર સાહેબશ્રીને સત્તા મળેલ છે. તે મુજબ પેટલાદ નગરપાલિકામાં ૧૧ માસનાં કરાર આધારિત સરકારશ્રીનાં ધારાધોરણો મુજબ ફીકસ પગારથી એન્જીનીયરની નિમણૂંક કરવા મે.પ્રાદેશિક કમિશ્નર સાહેબશ્રીને દરખાસ્ત કરી ભલામણ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે થનાર ખર્ચ સરકારશ્રીમાંથી જો કોઇ ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવે તો તેમાંથી અથવા નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૭) :** સરકારશ્રી દ્વારા અમલી વ્યક્તિગત શૌચાલય યોજનાનો અમલ કરી બાકી રહેલાં લાભાર્થિઓને લાભ આપવા અંગે મ્યુનિ. સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ મૌખિક રજૂઆત આધારે આ યોજનાનો અમલ કરવા બાબત.

**ઠરાવ નં. ૯૨ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી નિલેશકુમાર એસ. વાલ્મિક, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા અમલી વ્યક્તિગત શૌચાલય યોજનાનો અમલ કરી બાકી રહેલાં લાભાર્થિઓને લાભ આપવા અંગે મ્યુનિ. સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ મૌખિક રજૂઆત આધારે આ યોજનાનો અમલ કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સરકારશ્રીની નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત વ્યક્તિગત શૌચાલય યોજનાનો લાભ આપવા માટે સરકારશ્રી દ્વારા નિયુકત થયેલ એજન્સી મારફત વકિતગત શૌચાલય યોજનાથી વંચિત રહેલ લાભાર્થિઓનો સર્વે કરી સરકારશ્રીમાં દરખાસ્ત કરી ગ્રાન્ટ મંજુર થયેથી આ કામગીરી કરી શકાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વ્યક્તિગત શૌચાલય યોજનાનો લાભ લેવાનાં બાકી લાભાર્થિઓને નિયમાનુસાર કાર્યવાહીથી લાભ આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની નિયમાનુસારની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પ્રમુખ

પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૮) :** સરકારશ્રી દ્વારા યોજવામાં આવતી સંકલન સમિતિમાં માન. ધારાસભ્યશ્રીએ કરેલ મૌખિક રજૂઆત આધારે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં મધ્ય ગુજરાત વિજ કંપની દ્વારા નાંખવામાં આવેલ વિજ પોલ તથા ડી.પી. માટે ભાડુ નક્કી કરવા બાબત

**ઠરાવ નં. ૯૩ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા યોજવામાં આવતી સંકલન સમિતિમાં માન. ધારાસભ્યશ્રીએ કરેલ મૌખિક રજૂઆત આધારે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં મધ્ય ગુજરાત વિજ કંપની દ્વારા નાંખવામાં આવેલ વિજ પોલ તથા ડી.પી. માટે ભાડુ નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં નગરપાલિકાનાં આર્થિક હિતને ધ્યાને લઇ નગરપાલિકા હદ વિસ્તારમાં મધ્ય ગુજરાત વિજ કંપની દ્વારા નાંખવામાં આવેલ પોલ તથા ડી.પી. વાળી જગ્યાનાં ભાડા નક્કી કરી વસુલ કરવામાં આવે તે યોગ્ય છે. આ અંગે એક પોલનાં પ્રતિ માસ રૂા.૨૫/- તથા ડી.પી.વાળી જગ્યાનાં રૂા.૨૫/- પ્રતિ ચો.મી. પ્રતિ માસ નિયમાનુસારની પ્રક્રિયાથી વસુલ લેવા ઠરાવવામાં આવે છે. સદર બાબતનાં નિયમો તૈયાર કરી સબંધિત કચેરીમાં મંજુર કરાવી મંજુર થઇ આવ્યેથી તેનો અમલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની નિયમાનુસારની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-

(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)

પ્રમુખ

પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૯) :** મે.કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના દાખલ કરવા બાબતે જાન્યુઆરી ૨૦૨૩ થી પરિપત્ર પાઠવી અમલ કરવા જણાવેલ છે. તે આધારે આ યોજનાનો અમલ પેટલાદ નગરપાલિકામાં કરવા બાબત.

**ઠરાવ નં. ૯૪ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

મે.કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના દાખલ કરવા બાબતે જાન્યુઆરી ૨૦૨૩ થી પરિપત્ર પાઠવી અમલ કરવા જણાવેલ છે. તે આધારે આ યોજનાનો અમલ પેટલાદ નગરપાલિકામાં કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં મે.કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન ની કચેરી, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ "આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના" દાખલ કરવા બાબતે તા.૨૧/૦૧/૨૦૨૩ થી પરિપત્ર ક્રમાંક : કમિ.મ્યુનિ. / ન.પા.વ. / પ્રોવયો / ૨૦૨૩ થી પરિપત્ર પાઠવી જણાવેલ છે. તે આધારે આ યોજનાનો અમલ પેટલાદ નગરપાલિકામાં કરવાનો થાય છે. જે પરત્વે ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર કચેરીનાં પત્ર નં.: G.U.D.M. / ઇ-નગર / ૨૦૨૦-૨૧ / ૩૫ (પાર્ટ-૪) / ૨૩૮ તા.30/૦૧/૨૦૨૩ થી ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ "આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના" નો પરિપત્રમાં જણાવેલ શરતોને આધિન અમલ કરવા જણાવેલ છે. તે આધારે પરિપત્રમાં જણાવેલ શરતોને આધિન આ યોજનાનો અમલ પેટલાદ નગરપાલિકામાં કરવા ઠરાવવામાં આવે છે. તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૭૧ હેઠળનાં નિયમો તૈયાર કરવાનાં થતાં હોઇ આ નિયમો તૈયાર કરવા તથા આ અંગે તેની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિઅરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-

(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાnવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૦) :** પેટલાદ નગરપાલિકાનાં વિવિધ આવશ્યક કામો કરાવવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ માન.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૯૫ / તા.૧૩/૦૨/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વિવિધ આવશ્યક કામો કરાવવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ માન.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં એ, બી અને સી એમ ત્રણેય ઝોન કાર્યરત છે. તથા ટી.પી વિસ્તારમાં પણ પાઇપ લાઇન અને મેનહોલ ચાલુ કરેલ છે. આ વિસ્તારોમાં મેનહોલ તથા કુંડીઓ ચોકઅપ થઇ ગયેલ છે. જે અંદાજે ૧૫ થી ૨૦ ફુટ જેટલી ઉંડાઇએ આવેલ છે. તેથી સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમોને આધિન કામદારને મેનહોલમાં કે કુંડીમાં ઉતારી શકાતાં નથી. તેથી આ સફાઇની કામગીરી કરાવવા અગાઉ પેટલાદ નગરપાલિકાની સામાન્ય સમગ્ર સભાનાં ઠરાવ નં. ૨૬ / તા.૧૯/૦૬/૨૦૨૧ થી ઠરાવેલ કામગીરીનાં મંગાવવામાં આવેલ ભાવપત્રો પૈકી મંજુર થયેલ ભાવ તથા એજન્સી પાસેથી આ પાઇપ લાઇન તથા કુંડીઓની સફાઇની કામગીરી કરાવવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) હેઠળ પ્રમુખશ્રીને મળેલ સત્તાની રૂએ કામગીરી કરાવવા કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠારરાવમાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ. કામ નં. (૧) :** મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ વિ. મીરઝા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ આઇ. કાજી, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મીરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૯૬ / તા.૧૩/૦૨/૨૩**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે, મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ વિ. મીરઝા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ આઇ. કાજી, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મીરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામકાજ ન હોવાથી અધ્યક્ષશ્રીએ આજની સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા[વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.